બેઠકની સાથે સાથે...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાસે જમીન પણ નહોતી અને સરકાર પણ નહોતી તોય તમે આવુ નહોતુ કર્યું! પટેલના આ પલટવારને લઈ સભાગૃહમાં હાસ્યનું મોજુ પ્રસરી ગયુ હતુ. પટેલે કોંગ્રેસ દ્વારા શિક્ષણને લઈ કરાયેલી વાતોનો જવાબ આપતાં જણાવ્યું હતું કે આંગણવાડીઓને સુવિધાસભર બનાવવાની વાત શિક્ષણની ના કહી શકાય.

● હર્ષાબા ભત્રીજાના લગ્નમાંથી પરત ફરતાં અકસ્માત નડ્યો

ભાજપના કાઉન્સીલર હર્ષાબા ધાંધલ ભત્રીજાના લગ્નમાં હાજરી આપવા ગયા હતા. ત્યાંથી સવારે સમયસર નીકળ્યા પણ મોટી વાવડી-રાણપુર નજીક તેમની ગાડીને અકસ્માત નડ્યો હતો. બીજી ગાડી મંગાવી તેઓ ગાંધીનગર મનપાની બેઠકમાં હાજરી આપવા નીકળ્યા પણ રસ્તામાં અમદાવાદનો ટ્રાફિક પણ નડ્યો તેઓ ૧ કલાક મોડા સામાન્ય સભામાં પહોંચ્યા હતા પરંતુ મતદાન કરી તેમણે આજે પોતાની ફરજ બજાવતાં સૌએ તેમને અભિનંદન આપી અને અકસ્માતની વિગતો જાણી હતી. જો કે અકસ્માતમાં કોઈને ઈજા કે જાનહાનિ થઈ નથી પણ ગાડીને નુકશાન થયાનું તેમણે જણાવ્યું હતું.

● ધીરૂભાઈ આંખે મોતિયો હોવા છતાં આવ્યા

ભાજપના ધીરૂભાઈ ડોડિયા આજે સામાન્ય સભામાં મોતિયાનું ઓપરેશન કરાવ્યુ હોવા છતાં આવ્યા હતા અને તેમણે આંકડાઓ સાથે ગ્રામ્ય વિસ્તાર સહિત વિકાસની જોગવાઈઓ અંગેની વાતો કરી હતી.

● જયરાજસિંહે જણાવ્યું કે નવા સભ્યોને ગ્રાન્ટ વપરાશ માટે માર્ગદર્શન આપો

મનપાની બજેટ પરની ચર્ચામાં ભાગ લેતાં કોંગીના કાઉન્સીલર જયરાજસિંહે એવી રજુઆત કરી હતી કે ગ્રાન્ટ વપરાશને લઈ સભ્યોને તાલિમ અપાતી નથી કે તંત્ર એજન્સી વર્ષ પુરૂ થવા આવ્યા તોય નક્કી નથી કરી શકતી તો અમારે ગ્રાન્ટ ક્યારે અને ક્યાં વાપરવી.

● મીનાબેને કહ્યુ મહિલાઓને ભ્રમિત કરવા ખોટી જોગવાઈઓ ના કરશો

કોંગીના જ મીનાબેન વાઘેલાએ આજે ચર્ચા દરમ્યાન મહિલા કેન્ટીન આપવાની વાતનો ઉલ્લેખ કરી જણાવ્યુ કે જગ્યા કે જમીન છે નહિ અને મહિલાઓને ભ્રમિત કરવા આવી જોગવાઈ કેમ કરાઈ?

● નાઝાભાઈએ કહ્યું ગ્રામ્ય વિસ્તારને અન્યાય નહિ થાય

ભાજપના નાઝાભાઈ ધાંધરે બજેટ પરની ચર્ચામાં ભાગ લઈ ગ્રામ્ય વિસ્તારમાં માર્ગ-મકાન વિભાગ દ્વારા ટ્યુબવેલ, સંપ અને મશીનરી લગાવવાની કામગીરી ચાલુ હોવાનું જણાવી ગ્રામ્ય વિસ્તારને અન્યાય નહિ થાય તેવી હૈયાધારણ વિપક્ષને આપી હતી.

● મીનાબેને કહ્યુ વિપક્ષી નેતાને પણ ગ્રાન્ટ ફાળવો

મીનાબેન વાઘેલાએ વિપક્ષના નેતાને પણ ચેરમેન મેયર અને ડે. મેયરની જેમ વિકાસના કામો માટે ગ્રાન્ટ ફાળવવાની જોગવાઈ કરવાનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે આખરે નગરનો જ વિકાસ થવાનો છે.

માર્ગોની સુધારણા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દરખાસ્ત તૈયાર કરી વિભાગને સુપ્રત કરી દેવાઈ છે. માર્ગોની સુધારણા માટે તંત્ર દ્વારા દરખાસ્ત કરવામાં આવી હતી. જયારે આગામી બજેટને ધ્યાને લઈ તંત્ર દ્વારા સે-૩ થી ૧૯ ના માર્ગોને યોગ્ય કરવા માટે કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે. સેકટરોના આંતરિક માર્ગોને ચકાચક બનાવવા માટે અંદાજિત રૂ ૨૩ કરોડનો ખર્ચ દર્શાવાયો છે. ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નગરના મુખ્ય માર્ગોની સજાવટ પાછળ કરોડો રૂપિયાનુ આંધણ કરવામાં આવ્યુ હતુ. સેકટરોના આંતરિક માર્ગોની જાળવણી માટે વર્ષાના અંતે પણ કોઈ નિર્ણય લેવાતો નથી.

મનપામાં બજેટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સરકાર સાથે પરામર્શ ચાલી રહ્યો છે. ગરીબોના આવાસ માટે ૬૭ હજાર ચો.મી.ની માંગણી કરાઈ છે અને સારા વાતાવરણમાં વાતચીત આગળ વધી રહી છે. કોંગીના જીતુ રાયકાએ કેપીટલ ખર્ચ અને આવક તેમજ મહેસુલી આવક અને ખર્ચમાંથી થનારી બચતને આવકારી જણાવ્યુ હતુ કે સારી બચત ભેગી થઈ છે વ્યાજની આવક પણ છે તો શહેરને ટેક્ષ ફ્રી બનાવવુ જોઈએ.

રાયકાએ ઓડીએફની કામગીરી થઈ નથી સામાન્ય સભાએ મંજૂરી નથી આપી પછી તંત્રને એવી શી ઉતાવળ આવી કે શહેરને ઓડીએફ જાહેર કર્યુ. ખોટી વાતો કરી પ્રજાને છેતરવાનું બંધ કરો નહિ તો બપોરે આ માટે ઓડીએફ જોવા આવતી ટીમો સાથે સીધી વાત કરી અને ખોટી વાતોનો પર્દાફાશ કરવાની ફરજ પડશે.

વાઈફાઈનો ઉલ્લેખ કરી તેમણે કહ્યુ હતુ કે વાઈ-ફાઈનું નેટવર્ક પકડાતુ નથી અને ૨૨ કરોડનું આંધણ કરી દીધુ અને હજુ ૧૨ કરોડ ખર્ચવાની વાત બજેટમાં કરાઈ છે. જુઠ્ઠાણાઓની પણ હદ હોય છે. ગ્રામ્ય વિસ્તારની પ્રજાને તેમની મિલ્કતના કબ્જેદાર બતાવી અને ટેક્ષ વસુલવાની વાત યોગ્ય નથી. કલેક્ટર અને મનપા વચ્ચે સંકલન નથી જેમાં ગ્રામ્ય વિસ્તારની પ્રજા પિસાઈ રહી છે તેમાંથી મુક્તિ અપાવો.

વિવિધ સમિતિઓના ચેરમેનો માટે ૪ કરોડની જોગવાઈ અને ૧૫૦૦૦ની વસતી ધરાવતા ગ્રામ્ય વિસ્તાર માટે બે કરોડન જોગવાઈ કરી આપણે કયા પ્રજાના કામો કરવાની વાતો કરીએ છીએ. વોર્ડ ઓફિસો ક્યાં બનાવીશુ તેનો કોઈ ઉલ્લેખ અંદાજપત્રમાં વિગતે કરાયો નથી અને જોગવાઈઓ કરીને શું સાબિત કરવા માંગીએ છીએ. ભાજપના કાર્તિક પટેલે ચર્ચામાં ભાગ લેતાં કોંગ્રેસ પર પલટવાર કરતાં જણાવ્યુ હતુ કે કેશલેસ પેમેન્ટથી ટેક્ષ એડવાન્સ ભરનારને ૧૨ ટકા વળતરનો લાભ મળશે. આ પ્રજાહિતનો નિર્ણય નથી. તેમણે જણાવ્યુ કે શાળાઓમાં સુવિધા માટે ૧૨૦ લાખ અને આંગણવાડી માટે ૫૦ લાખની જોગવાઈઓ તંત્ર શિક્ષણની ચિંતા નથી કરતુ એ કહેવુ બરાબર નથી.

પટેલે જણાવ્યુ હતુ કે વાંચનભૂખ સંતોષવા માટે લાયબ્રેરીની ફીમાં ઘટાડો એ પ્રજાહિતનો નિર્ણય નથી. તેમણે જણાવ્યુ હતુ કે વિપક્ષ પીળા ચશ્મા ઉતારે પછી બજેટ જુએ તો ઘણી સારી વાતો છે. કરનું ભારણ લાદવામાં આવ્યુ જ નથી એ વાત ભૂલવી ના જોઈએ. કોંગીના ચીમન વિંઝુડાએ ચર્ચામાં ભાગ લેતાં જણાવ્યું હતું કે લેન્ડફિલ્ડની જોગવાઈ દર વર્ષે કરવામાં આવે છે પણ આપણે તે વિકસાવી શક્યા નથી તેનાથી મોટી શરમ કઈ હોઈ શકે. તેમણે સભ્યોની ગ્રાન્ટમાં કરાયેલો વધારો પણ છેતરામણો લેખાવ્યો હતો. વર્મીકમ્પોઝ્રમાંથી થતી આવકનો ઉલ્લેખ બજેટમાં ક્યાંય નથી જ્યારે તેના ખર્ચની જોગવાઈ કરવામાં આવી છે. જાહેરમાં કચરો બાળવાની પ્રવૃત્તિ તંત્ર જ કરી રહ્યું છે.

યુવા કાઉન્સીલર અંકિત બારોટે જણાવ્યુ હતુ કે શહેરી ગરીબો માટે ૨ કરોડની જોગવાઈ કરાઈ પણ હજુ સુધી તેની કોઈ નીતિ કે માર્ગદર્શિકા તૈયાર કરાઈ નથી. વેસ્ટ ટુ એનર્જી પ્રોજેક્ટમાં જોગવાઈ કરાઈ પણ સભ્યોને તેની કોઈ જાણકારી નથી અપાઈ. કોન્ટ્રેક્ટરની કઈ સુવિધા આપવાની વાત છે તે તો જાહેર કરો. બારોટે જણાવ્યુ હતુ કે મેયર જમીન મુદ્દે તમારૂ સરકાર સાંભળતી ના હોય તો અમને કહો પ્રજા તમારી સાથે છે અને ના આપવા માંગતી હોય સરકાર તો અમે છીનવી લાવવા સક્ષમ છીએ.

કોંગ્રેસના મીનાબેન વાઘેલા હસમુખ મકવાણા, જયરાજસિંહ વાઘેલા, રાકેશ પટેલે પણ ચર્ચામાં ભાગ લઈ રજુઆતો કરી હતી. ભાજપ તરફથી નાઝાભાઈ ધાંધરે ગ્રામ્ય વિસ્તારમાં પ્રજાની સુખાકારી માટે પુરતી જોગવાઈ કરાઈ હોવાની વાત કહી કોઈને અન્યાય નહિ થાય તેવી હૈયાધારણ આપી હતી. તો ધીરૂભાઈ ડોડિયાએ પણ વિવિધ વિકાસલક્ષી કામોની જોગવાઈઓ બતાવી સૌના વિકાસ માટે કરાયેલી વાતો કહી હતી. આ પછી મેયરે બજેટ મત માટે મુક્યુ હતુ જે ૧૬ વિરૂદ્ધ ૧૫ મતે પસાર થયેલુ જાહેર કરી સભાનું કામકાજ પૂર્ણ થયાની જાહેરાત કરી હતી.

મોડાસા પાસે પશુપાલકને ૧૦ના સીક્કાના બદલામાં ૫૦૦ની ચિલ્ડ્રનબેંકની બે નોટો પધરાવી બાઈકસવાર ગઠિયો ફરાર

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરથી ૧૦ કિ.મી. દૂર આવેલા કઉ ગામ નજીક થોડાક દિવસ અગાઉ અજીબોગરીબ કિસ્સો બન્યો હતો. સાંજના સુમારે કઉં નજીકથી પસાર થતા પશુપાલકને બે ગઠિયાઓએ રૂ. ૧૦ના સિક્કાઓની થેલીના બદલામાં રૂ. ૫૦૦ની બે ચિલ્ડ્રન ગ્રાહક બેંકની નોટ થમાવી દઈ બાઈક લઈને રફુચક્કર થઈ ગયા હતા. વૃદ્ધે ઘરે પહોંચી તેના પરિવારજનોને દૂધના પગારના સ્વરૂપે રૂ. ૫૦૦ની બે નોટો પકડાવતા પરિવારજનો રૂ. ૫૦૦ની નોટો જોઈ ચોંકી ઉઠ્યા હતા. રૂ. ૫૦૦ની બે નોટો ચિલ્ડ્રન બેંકની હોવાની જાણ થતા વૃદ્ધના મોતીયા મરી ગયા હતા.

આધારભૂત સૂત્રોના જણાવ્યા મુજબ નોટબંધી બાદ સોશ્યલ મિડિયામાં આવતી અફવાઓના પગલે સામાન્ય વ્યક્તિ અને વેપારીવર્ગ પણ રૂ. ૫૦૦ અને રૂ. ૨૦૦૦ની નવી નોટોને ઉપર-નીચે કરીને ચકાશીને જ નોટ સ્વીકારે છે. ડુપ્લીકેટ અને અસલી નોટનો ભેદભરમ પારખવામાં ભલભલા થાપ ખાઈ જાય છે. ત્યારે અરવલ્લી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં બે બાઈક સવાર ગઠિયાઓ એક વૃદ્ધને આબાદ છેતરી જતા રહેતા વૃદ્ધ પર પડતા પર પાટુ જેવો ઘાટ સર્જાયો છે. થોડાક દિવસ અગાઉ એક દૂધનો પગાર લઆ સાંજના સુમારે પસાર થતા એક વૃદ્ધ પશુપાલકના હાથમાં રહેલી રૂ. ૧૦ના સીક્કાની રૂ. ૧૦૦૦ની થેલી જોઈ બે બાઈક સવાર ગઠિયાઓએ વૃદ્ધ નજીક પહોંચી કાકા રૂ. ૧૦ના સીક્કા તો બંધ થઈ ગયા છે અને સરકાર દ્વારા બેંકોને જણાવતા બેંકો પણ રૂ. ૧૦ના સીક્કા સ્વીકારતી ન હોવાની વાતોમાં ફોસલાવી ગામડાઓમાં રૂ. ૧૦ના સીક્કા બંધ થઈ જવાની અફવાનો ભરપુર લાભ ઉઠાવતા વૃદ્ધને વાતોમાં ભોળવી લાવો કાકા રૂ. ૧૦ના સીક્કાના ૧૦૦૦ રૂ.ની થેલીના બદલામાં રૂ. ૫૦૦ની બે નોટો આપી બાઈક સવાર બન્ને ગઠિયા રફુચક્કર થઈ ગયા હતા. રૂ. ૧૦ના સીક્કાના બદલામાં રૂ. ૫૦૦ની બે નોટો લીને ઘરે પહોંચેલા કાકાના પરિવારજનોને હાથમાં દૂધની ડેરીમાં થયેલા પગાર રૂપે રૂ. ૫૦૦ની બે ચીલ્ડ્રન બેંકની નોટ આપતા જ પરિવારજનોએ આ રૂ. ૫૦૦ની નોટ બાળકોને રમવા માટેની ચીલ્ડ્રનબેંકની હોવાનું જણાવતા વૃદ્ધના પગ તળેથી જમીન સરકી ગઈ હતી. વૃદ્ધ સહિત પરિવારજોએ કઉંથી મોડાસા રોડ સુધી બાઈક સવાર ગઠિયાઓને ઝડપી પાડવા દોડધામ મચાવી હતી પરંતુ ગઠિયાઓ શઈકાર કરી ફરાર થઈ ગયા હતા. ગ્રામ્ય વિસ્તારો રૂ.૫૦૦ની ચિલ્ડ્રન બેંકની નોટો લઈને એકલ-દોકલ વૃદ્ધોને ફસાવવા માટે સક્રિય થતા ગ્રામ્ય વિસ્તારોમાં ફફડાટ ફેલાયો હતો.

ટ્રીમીંગની કામગીરી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરિણામે ઘણા ઠેકાણે નમી પડેલી ડાળીઓ ભયજનક હાલતમાં છે. જયારે સ્ટ્રીટ લાઈટના થાંભલાને આડશ બનતી ડાળીઓ પુરતુ અજવાળુ આપવામાં પણ અડચણનુ કારણ બની છે. વનતંત્ર દ્વારા વૃક્ષોના ટ્રીમીંગ માટે અગાઉ શેહરમાં ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. પરંતુ આ દરમિયાન નગરના સેકટરોમાં આ કામગીરી પુર્ણ ન થતા હજુ પણ મોટાભાગના વિસ્તારોમાં આ કામગીરી થઈ શકી નથી. જયારે કોર્પોરેશ પાસે ઉપલબ્ધ મશીન પણ ટ્રીમીંગના ઉપયોગમાં ન લેવાતા મોંઘુદાટ મશીન પણ શોભાના ગાંઠીયા સમાન બન્યુ છે. આમ નાગરિકોની હાલાકી નિવારવા માટે મશીનરીનો ઉપયોગ થતો નથી. જયારે કોર્પોરેશન દ્વારા પણ વનતંત્રને ટ્રીમીંગની કામગીરી માટે મશીનરી પુરી પાડવા માટે સહયોગ અપાતો ન હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. આ સઘળી સ્થિતિ વચ્ચે હરિયાળીથી ઘેરાયેલા નગરમાં વૃક્ષોના ટ્રીમીંગની કામગીરી પુર્ણ રૂપે ન થતા આમ નાગરિકોએ પરેશાની વેઠવાનો વારો આવ્યો છે.

વિશ્વ વિક્રમ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

લોંચ માટેનુ કાઉન્ટ ડાઉન ગઈકાલે મંગળવારે ૫.૨૮ વાગે શરૂ થયું હતું. મિશન રેડીનેસ રિવ્યૂ કમિટી એન્ડ લોન્ચ ઓથોરાઈઝેશન બોર્ડે આ લોન્ચને મંજુરી આપી હતી. હાલમાં ચાલી રહ્યુ હતુ. તેના તમામ પરિબળો પર ઝીણવટભરી નજર રાખવામાં આવી હતી.ઈસરોએ એ સિદ્ધી હાંસલ કરી લીધી છે જે સિદ્ધી પર અમેરિકા સહિતના દેશો પર પહોંચી શક્યા નથી. કોઈ પણ દેશે હજુ સુધી એક જ મિશનમાં ૧૦૦ સેટેલાઈટને લોંચ કરવા માટે હિમ્મત કરી નથી. છેલ્લે ૨૦૧૪માં રશિયાએ સિંગલ લોંચ સાથે ૩૭ સેટેલાઈટ લોંચ કર્યા હતા. જે એક મિશનમાં સૌથી વધારે સેટેલાઈટ લોંચ કરવાનો એક રેકોર્ડ છે. ઈસરોએ હવે રશિયાના રેકોર્ડને તોડી દીધો છે. ઈસરોએ પોલાર સેટેલાઈટ લોંચ વ્હીકલનો ઉપયોગ કરીને ત્રણ ભારતીય સેટેલાઈટ અને ૧૦૧ નાના વિદેશી સેટેલાઈટને લોંચ કર્યા હતા. ભારત ટૂંક સમયમાં જ પૃથ્વીના સૌથી નજીકના પડોસી મંગળ અને શુક્ર ગ્રહ પર જવા માટેની તૈયારીમાં છે. ભારતની આ અંતરિક્ષ સંસ્થા અહીં જીવનની શક્યતાઓને લઈને અભ્યાસ કરશે. ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંસ્થા ઈસરો સેટેલાઈટના ક્ષેત્રમાં રેકોર્ડ સર્જીને આજે સવારે ૧૦૪ સેટેલાઈટ એક જ મિશનમાં તરતા મુકીને તમામ દેશોને વિચારતા કરી દીધા છે. અંતરિક્ષની દુનિયામાં સક્રિય કોઈપણ દેશે હજુ સુધી આ પ્રકારની સફળતા હાંસલ કરી નથી.

ટ્રેનો દોડશે... ●

અનુસંધાન પહેલાનું ચાલુ

રહ્યા છે કે જર્મનીની કંપનીની સાથે થયેલા કરાર હેઠળ એન્જિનોનુ નિર્માણ જર્મનીમાં થયુ છે. ત્યાં જ તેનુ ટ્રાયલ પણ કરી લેવામાં આવ્યુ છે. પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવ્યા બાદ આ એન્જિનને ભારત લાવવા માટેની પ્રક્રિયા શરૂ કરી દેવાશે. એન્જિનની ખાસ બાબત એ છે કે તે ૧૨ હજાર હોર્સ પાવરવાળા રહેશે. હાલમાં રેલવેની પાસે જે એન્જિન છે તેની ક્ષમતા છ હડાર હોર્સ પાવરની છે. અધિકારીઓના કહેવા મુજહ માલગાડીમાં અને પહાડી વિસ્તારોમાં દોડતી કેટલીક ટ્રેનો માટે બે બે એન્જિનનો ઉપયોગ કરવામાં આવે છે. પરંતુ નવા એન્જિન આવી ગયા બાદ એક જ એન્જિનનો ઉપયોગ કરી શકાશે. આ એન્જિન આવવાથી સીધા ફાયદા થનાર છે. આનો ફાયદો ડેડિકેટેડ ફ્રેટ કોરિડોરને પણ મળી શકશે. કારણ કે વર્ષ ૨૦૧૯ બાદ માલગાડી એ કોરિડોર પર શિફ્ટ કરવામાં આવનાર છે. આ એન્જિનનો ફાયદો એ પણ થશે કે તેના કારણે ટ્રેનની ગતિને વધારી શકાશે.

બમ્પર વોટિંગ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

છઠ્ઠા તબક્કા માટે સાત જિલ્લામાં ૪૯ સીટ માટે ચોથી માર્ચના દિવસે મતદાન થશે. જ્યારે સાતમાં,અંતિમ તબક્કામાં આઠમી માર્ચના દિવસે ૪૦ સીટમાં મતદાન થશે.મતગણતરીની પ્રક્રિયા ૧૧મી માર્ચના દિવસે યોજવામાં આવનાર છે. ઉત્તરપ્રદેશમાં બીજા તબક્કામાં બિજનોર જિલ્લાના બુરહાનપુર વિસ્તારમાંથી ૨૨ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. જ્યારે અમરોહા જિલ્લાની ધનોરા સીટ પરથી ૪-૪ ઉમેદવારોના ભાવિ સીલ થઈ ગયા હતો. રામપુરમાંથી આઝમ ખાન, તિહારમાંથી જિતેન પ્રસાદના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. આજે જે ૧૧ જિલ્લાઓમાં મતદાન યોજાયું હતું તેમાં સહારનપુર, બિજનોર, મુરાદાબાદ, સંભાલ, રામપુર, બરેલી, અમરોહા, પીલીભીંત, ખેરી, શહાજહાનપુર, બદાયુનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૧૨માં સમાજવાદી પાર્ટીએ ૩૪ બેઠક જીતી હતી.

સેન્ટ્રલ જેલમાં...

● અનુસંધાન પહેલાનું ચાલુ

જાણીતા સાધનો સામે અપ્રમાણ સંપત્તિ કેસમાં જેલની સજા ગાળવા માટે શરણાગતિ સ્વીકારવા માટે મહેતલ માંગી હતી. વીકે શશીકલાની અરજી પર સુનાવણીનો ઈનકાર કરી દેવામાં આવ્યો હતો. સુપ્રિમ કોર્ટે કહ્યું હતું કે અમે આના ઉપર કોઈ આદેશ આપવા માંગતા નથી. અગાઉના આદેશમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં. શશીકલાના વકીલ કેટીએસ તુલસીએ કહ્યું હતું કે જેલ જતા પહેલા શશીકલા પોતાના કામ પૂર્ણ કરવા શરણાગતિ સ્વીકારી લેવા માટે થોડાક વધારે સમય ઈચ્છે છે. શશીકલાના વફાદાર સેંગોતૈય્યને આજે કહ્યું હતું કે તેમને આશા છે કે સરકારની રચના માટે રાજ્યપાલ પલાનીસ્વામીને આમંત્રિત કરશે. તેમણે એમ પણ કહ્યું હતું કે અન્નાદ્રમુકના સભ્યો બિલકુલ એકમત છે. સુપ્રિમ કોર્ટે ગઈકાલે શશીકલાને અપરાધી ઠેરવીને તેમની ચાર વર્ષની જેલની સજા યથાવત રાખી હતી. સાથે સાથે બેંગલોરની કોર્ટમાં શરણાગતિ સ્વીકારવા આદેશ કર્યો હતો. આની સાથે જ શશીકલાની મુખ્યમંત્રી બનવાની આશા ઉપર પાણી ફરી વળ્યું હતું. આ ઘટનાક્રમ બાદ રાજ્યમાં સત્તારૂઢ પાર્ટી અન્નાદ્રમુકના સત્તા માટે ખેંચતાણ ફેલાઈ ગઈ હતી. વીકે શશીકલાની અરજી પર સુનાવણીનો ઈનકાર કરી દેવામાં આવ્યો છે. સુપ્રિમ કોર્ટે કઠોર સજા ગઈકાલે અકબંધ રાખી હતી. મામલામાં શશીકલા ઉપરાંત તેમના બે સંબંધી ઈલાવરસી અને સુધાકરનને પણ અપરાધિ ઠેરવવામાં આવ્યા હતા.

બ્રહ્મોસની રેન્જ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારત અને રશિયામાં સંયુક્ત સાહસ મારફતે આ મિસાઈલ તૈયાર કરવામાં આવી હતી. અલબત્ત આ મિસાઈલ રેન્જ કરતા પણ વધુ અંતર સુધી ત્રાટકી શકે છે. ક્રિસ્ટોફરનું કહેવું છે કે સોફ્ટવેરના ફેરફારની જરૂર પડી રહી છે ત્યારબાદ આ મિસાઈલ ૪૫૦ કિલોમીટરની વધારવામાં આવેલી રેન્જ સુધી ત્રાટકી શકશે. ૧૦મી માર્ચના દિવસે પરીક્ષણ કરવામાં આવશે. આ ઉપરાંત ડીઆરડીઓ દ્વારા બ્રહ્મોસ મિસાઈલની બીજી આવૃત્તિ પણ તૈયાર કરવામાં આવી રહી છે. આની રેન્જ ૮૦૦ કિલોમીટરની રહેશે. ક્રિસ્ટોફરે કહ્યું છે કે આગામી બે અઢી વર્ષના ગાળામાં આ મિસાઈલ તૈયાર કરી લેવામાં આવશે. અગ્નિ-૫ મિસાઈલની રેન્જમાં કોઈ વધારો કરવામાં આવશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા ક્રિસ્ટોફરે અહેવાલને રદિયો આપ્યો હતો.

લાગણીનો મેળો

● ૪ પાનાનું ચાલુ...

આત્મીય વાચકબંધુ! અહી કોઈ ભાષાનું અવમૂલ્યન કરવાનો ઈરાદો નથી. કે અંગ્રેજી ભાષા પ્રત્યે કોઈ પણ પ્રકારનું વૈમનસ્ય પણ નથી અંગ્રેજી એ વિશ્વભાષા છે એનો અભ્યાસ જરૂર કરવો પરંતુ માતૃભાષાના ભોગે એ ન થવું જોઈએ. શેક્સપિયર, કિટ્સ, શેલી, બાયરન કે મિલ્ટનને માણવા જતાં નરસિંહ, મીરાં, કેઅખા, દયારામ વગેરેને ભૂલી જઈએ એ પોશ્હાય ખારું?!

અરે માતૃભાષામાં જેણે અભ્યાસ કર્યો છે એવા કાકાકાલેલકર, ફાધરવાલેસ, વિનોબાભાવે કે ગાંધી – જેવા અગણિત લોકો રાષ્ટ્રીય – આંતરરાષ્ટ્રીય ફલક પર ખ્યાતિ પામ્યા છે. એટલે એવું રખે માનશો કે માતૃભાષાના માધ્યમથી અભ્યાસ કરવાને લીધે ઓછપ કે ઉણપ રહી જશે.... આ સંદર્ભે પેલું ગીતાકથન જરા જુદા સ્વરૂપે યાદ આવે છે, ''સ્વભાષાયામ નિધનમ શ્રેયઃ પરભાષા ભયાવહઃ''

દોસ્તો, મા, માનું દૂધ, માતૃભાષાને માતૃભૂમિનો મહિમા પિછાણી સાચા વિશ્વમાનવ બનીએ...!!!

સ્પર્શમણિ

એક ટુચકોઃ

ગામડા ગામનો કોઈ માણસ પરગામ જતો હતો. સાથે તેની પત્ની પણ હતી. તેના પગમાં મહેંદી મૂકાવેલી અને રસ્તામાં એક કેડ સમુ પાણી ભરેલી નદી ચાલીને પાર કરાવી પડે તેમ હતી. બાપુ તો મૂંઝાયા. પાણીમાં ચાલવાથી તો મહેંદીનો રંગ નીકળી જાય, આ તો કેમ ચાલે? બાપુએ સાહસિક અભિગમ અપનાવ્યો. પત્નીને ઉંધી કરીને તેના પગ હાથમાં રાખીને બાપુ નદી પાર કરી ગયા. સામે કિનારે ગયા પછી ખ્યાલ આવ્યો કે પત્નીનું મોંઢું સતત રહેવાને કારણે ગૂંગળાઈ જવાથી તેનું પ્રાણ પંખેરું ઊડી ગયું હતું. બાપુ નદી પાર અને પત્ની તડીપાર.

ગામના લોકો એ બાપુને ઠમઠાર્યો; ''અલ્યા! કાઈ અક્કલ છે તારામાં? આ તારી વહુનો જીવડો ચાલ્યો ગયો.'' ''જીવડો ચાલ્યો ગ્યો તો ભલે ગ્યો, રંગડો તો રહ્યો ને!'' મૃત પત્નીની પાણી ગૌરવભેર બતાવતાં બાપુ બોલ્યા.

પોતાના સંતાનોના જીવનમાંથી ધર્મસંસ્કૃતિનો 'જીવડો' ચાલ્યો જાય તો પણ અંગ્રેજીનો 'રંગડો' જાળવી રાખનારા વાલીઓ ને ઉપરોક્ત વાત બે વાર વાંચી જવાની જરૂર છે.

(સંકલન) - Rasikvaland1965@gmail.com

પ્રેક્ષકોનાં પ્રેમનાં પુષ્પોથી પોંખાઈ રહી છે

નવી તરાહની ગુજરાતી ફિલ્મ : સુપરસ્ટાર

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાતી ફિલ્મોના સુવર્ણકાળમાં એક નવું પ્રકરણ લખવા માટે નવકાર ઈવેન્ટ્સ પ્રા.લિ.ના બૅનર તળે આવી ગઈ છે એક નવી નક્કોર અને સાવ નવી જ તરાહની ફિલ્મ : સુપરસ્ટાર.

ધૃવ શાહ અને રશ્મિ દેસાઈને ચમકાવતી આ ફિલ્મ સંપૂર્ણ પારિવારીક ફિલ્મ છે, જેનું દિગ્દર્શન કર્યું છે ભાવિન વાડિયાએ. નિર્માતા છે સ્નેહન દવે.

ફિલ્મ રિલીઝ થતાં પહેલાં જ તેનાં ગીતો કર્ણપ્રિય થઈ રહ્યાં છે અને યુવાવર્ગમાં, સંગીતપ્રેમીઓમાં ખ્યાત પણ થઈ રહ્યાં છે. ફિલ્મમાં કુલ ત્રણ ગીતો છે, જેમના માટે સ્વર આપ્યો છે અરવિંદ વેગડા, અરમાન મલિક, શેખર રવજિયાની (વિશાલ-શેખર ફેઈમ) અને ઐશ્વર્યા મજુમદારે. સતત ગુંજતા ગીતોને કારણે થિયેટર સુધી ખેંચાઈ આવતાં પ્રેક્ષકોની સંખ્યા પણ ખાસ્સી મોટી દેખાઈ રહી છે.

ફિલ્મની કથા સુપરસ્ટાર આરકે અને તેની પત્ની અંજલિની કથા છે. બંનેનું સુખી લગ્નજીવન છે અને આ સુખી લગ્નજીવનના પરિપાકરૂપે દેવનો દીધેલ એક દીકરો પણ છે. સુપરસ્ટાર હોવા છતાં પ્રેમાળ હૃદય અને સરળ સ્વભાવ, સીધા વર્તનનો માલિક આરકે ચાહકોનો લાડલો છે અને પોતાની ફિલ્મસના નિર્માતા-નિર્દેશક માટે અમૂલ્ય છે.

એક તરફ સફળતા અને બીજી તરફ સુખી પરિવાર. એના જીવનની ગાડી એવી સડસડાટ ચાલી જાય છે કે જાણકારોને એના જીવન અને સુખ પ્રત્યે ઈર્ષા થાય. અલબત્ત, એવું થાય જ છે અને સુખી ને દુશ્મનને દઝાડે એવું સુખી જીવન જીવતા આરકેના પરિવારમાં એક અણધાર્યો ઝંઝાવાત આવે છે. આ ઝંઝાવાત સુપરસ્ટાર આરકે અને તેના પરિવારને એવા તો ઝંઝોડે છે કે સુખના સાતમા આસમાનની સફર કરી રહેલો પરિવાર અચાનક જ દુખની ઊંડી ગર્તામાં ધકેલાઈ જાય છે. અચાનક ઉંઘમાંથી જાગ્યા પછી જેમ સ્વપ્ન તૂટી જાય તેમ સુપરસ્ટાર આરકે હતો-ન હતો થઈ જાય છે. એ પછી શું થાય છે એ જોવા માટે તમારે આ અનોખી ફિલ્મ જોવી જ રહી.

કારણ કે એક સુપરસ્ટારના સંઘર્ષની કહાની જ આ ફિલ્મની જાન છે. આ કહાનીને એવી રીતે મઠારવામાં આવી છે કે દર્શકોનો રસ એમાં છેક સુધી જળવાઈ રહે છે અને દર્શકો પણ જાણે આરકે સાથે જોડાઈ જાય છે. ફિલ્મ જોઈને નીકળેલાં કેટલાંય યંગ કપલ્સ તો પોતાની જાતને આરકે અને અંજલિના કપલ સાથે સરખાવતાં જોવા મળ્યાં છે.

અલબત્ત, ધૃવિન શાહ અને રશ્મિ દેસાઈની કૅમિસ્ટ્રી પડદા પર એટલી બધી જામે છે કે જાણે તે બંને રીઅલ કપલ હોય એવી જ અનુભૂતિ જોનારને થાય છે. આમ થવા માટેનું એક બીજું પણ કારણ છે અને તે છે બંનેની દમદાર ઍક્ટિંગ. રશ્મિ દેસાઈએ તો પોતાની ઍક્ટિંગનો પાવર ટૅલીવિઝનના માધ્યમથી સુપેરે સાબિત કરી આપ્યો જ છે અને તેની આ સ્કીલ માટે કોઈ પ્રમાણની જરૂર નથી. દેશભરનાં પરિવારો રશ્મિને પોતાના ઘરની વ્યક્તિ તરીકે ઓળખે છે. એવું જ દમદાર, અસરકારક કામ રશ્મિએ સુપરસ્ટાર ફિલ્મ માટે પણ આપ્યું છે. અને એને બરાબરની ટક્કર આપી છે ધૃવિન શાહ નામના નવોદિત કલાકારે. અલબત્ત, બંનેની આ પહેલી ગુજરાતી ફિલ્મ છે પરંતુ કૅમેરા માટે રશ્મિ નીવડેલી આર્ટીસ્ટ છે, જ્યારે ધૃવિન માટે આ પહેલી તક છે. પરંતુ આ પહેલી તકને એણે એટલી સરસ રી